| GJJN110002892026 | | મળ્યા તારીખ | ૦૭/૦૪/૨૦૨૬ | | |
|---|---|---|---|---|---|
| | | રજીસ્ટરે નોંધ્યા તારીખ | ૦૭/૦૪/૨૦૨૬ | | |
| | | ફેસલ કર્યા તારીખ | ૧૧/૦૬/૨૦૨૬ | | |
| | | સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | સત્યમેવ જયતે | | ૦૦ | ૦૨ | ૦૪ |

ભેસાણના મહે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં,
મુકામ–ભેસાણ.

ક્રિમીનલ કેસ નંબર ૨૦૦/૨૦૨૬
આંકઃ– ૧૩

ફરિયાદીઃ– ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**વિ રૂ દ્ધ**

આરોપીઃ–
(૧) કુમારભાઇ સુરગભાઇ બસીયા,
ઉ.વ.૫૦, ધંધો–ખેતી,
રહે.ગળથ,તા.ભેસાણ,જી.જુનાગઢ.
(૨) વિનોદભાઇ બટુકભાઇ બોરીસાગર,
ઉ.વ.૩૮, ધંધો–ખેતી,
રહે.ગળથ,તા.ભેસાણ,જી.જુનાગઢ.
(૩) અનિરુધ્ધભાઇ ભિખુભાઇ ખુમાણ,
ઉ.વ.૩૦, ધંધો–ખેતી,
રહે.ગુજરીયા ગામ,તા.ભેસાણ,જી.જુનાગઢ.

**ગુનોઃ–** ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૨૧, ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ મુજબ...

ફરિયાદ પક્ષ તરફે વિદ્ઘાન એ.પી.પી. શ્રી એમ.એચ.સીંધી.
આરોપીઓ તરફે વિદ્ઘાન વકીલ શ્રી વી.વી.રાણવા.

**––// જજમેન્ટ //––**

(૧) **<u>ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત ::–</u>** આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપી નં.૧ તા.૨૯/૧૨/૨૦૨૫ ના રોજ સાંજના કલાક ૧/૪૫ વાગ્યાના અરસામા જુની વાતનું મનદુ:ખ રાખી આ કામના ફરીયાદી પોતાની કાયદેસરની ફરજ ઉપર ભેસાણ તાલુકા પંચાયત બાંધકામની કચેરીએ હાજર હોય ત્યાં આવી ફરીયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી આરોપી નં.૨ તથા ૩ નાએ ફરીયાદીને પકડી રાખી આરોપી નં.૧ એ ફરીયાદીને શરીરે ઢીકાપાટુનો મુંઢમાર મારી ફરીયાદીનું ગળુ દબાવી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરીયાદીની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી આરોપીઓએ એકબીજાની મદદગારી કરી,ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૨૧, ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ મુજબના ગુના કરેલ હોવાનો આક્ષેપ છે.

(૨) **<u>પોલીસ કાર્યવાહી</u>**

ઉપરોકત ગુનો કર્યા બાબતની ફરીયાદ ફરીયાદીએ ભેસાણ પોલીસ સ્ટેશનમાં રજૂ કરતાં, ફરિયાદ હકીકતે ભેસાણ પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજી. નં. **૧૧૨૦૩૦૦૭૨૫૦૫૩૮/૨૦૨૫** થી આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધાયેલ અને તપાસ કરનાર અમલદારે તપાસ કરી લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ તપાસ પૂર્ણ થયા બાદ આરોપીઓ વિરૂદ્ધ અંગેનું ચાર્જશીટ ઇન્સાફી કાર્યવાહી સારૂ અત્રેની કોર્ટમાં રજૂ કરેલ.

(૩) **<u>કોર્ટ કાર્યવાહી</u>**

આ કામના આરોપીઓ સામે ચાર્જશીટ રજૂ થતાં, આરોપી **સામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૧૦(૧)(બી)** મુજબ પોલીસ રીપોર્ટને આધારે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ, આરોપીઓ ને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૨૭ અન્વયે સમન્સ કરવામાં આવેલ જે અનુસંધાને આરોપી કોર્ટમા ઉપસ્થિત થયેલ ત્યારબાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૩૦ મુજબ આરોપીઓને ચાર્જશીટ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ,

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા –૨૦૨૩ ની કલમ–૨૬૩(૧)પ્ર માણે આરોપીઓ ઉપર **આંક– ૦૩ થી** ઉપરોક્ત ગુન્હાનું તહોમતનામું કોર્ટ દ્વારા ફરમાવી, સદરહુ તહોમતનામું કલમ– ૨૬૩(૨) પ્રમાણે આરોપીને વાંચી–સંભળાવી, આરોપીની સદરહુ તહોમતનામા અંગે તહોમતનામું કોર્ટ દ્વારા ફરમાવી, સદરહું તહોમતનામું આરોપીઓને વાંચી–સંભળાવી, આરોપીઓ ની સદરહું તહોમતનામા અંગે **આંક–૦૪ થી આંક ૦૬** સુધી પ્લી રેકર્ડ કરવામાં આવેલ જેમાં, તેમણે ગુનો કબૂલ હોવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે જેથી, કેસ ભારતીય નાગરીક સુરક્ષા સં હિતા –૨૦૨૩ ની કલમ–૨૬૫ મુજબ ફરિયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ હતો.

(૪) આ કામે ફરિયાદી પક્ષ દ્વારા નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે.

| **મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો** | | |
|---|---|---|
| **ક્રમ** | **આંક** | **વિગત** |
| ૧. | ૮ | ફરીયાદી વિશાલભાઇ શામજીભાઇ પોકરની જુબાની. |
| ૨. | ૯ | અસલ ફરિયાદ. |
| ૩. | **૧૦** | બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામું. |
| ૪. | **૧૧** | ફરિયાદી વિશાલભાઈનું મેડીકલ સર્ટીફીકેટ. |

આ સિવાય ફરીયાદ પક્ષે અન્ય કોઈ જ પુરાવો રજુ રાખવામાં આવેલ નથી. ફરિયાદપક્ષે પુરાવો પુરો થયા અંગેની કલોઝીંગ પુરસીસ **આંક–૧૨** થી રજુ કરતાં કેસ આરોપીઓનાં વિશેષ નિવેદન પર રાખવામાં આવેલ હતો.

## (૫) <u>ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૫૧ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન ::–</u>

આ કામે ફરીયાદ પક્ષે રજુ રાખેલ પુરાવાઓના અંતે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–2023 ની કલમ–351 મુજબ સ્ટેટ ઓફ પંજાબ વિ.હરીસંગ અને બીજા એ.આઈ.આર. ૨૦૦૯, સુ.કો.૧૯૬૬ માં જણાવેલ માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લઈ

આરોપી ઓ નુ વિશેષ નિવેદન કોર્ટ રૂબરૂ નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ ટોટલ ડીનાઇલનો બચાવ લઈ તેઓની સામે ખોટા આક્ષેપો કરી ખોટો કેસ કરેલ છે અને તેઓ નિર્દોષ હોવાનું વિશેષમાં જણાવેલ છે. આરોપી ઓ એ સોગંદ પર જુબાની આપેલ નથી કે બચાવના સાહેદો તપાસેલ નથી.

**(૬)** ત્યારબાદ, સરકાર તરફે વિ.એ.પી.પી. તથા બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી.ની દલીલો સાંભળવામાં આવેલ.

**(૭)** આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

// મુદ્દા //

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી નં.૧ તા.૨૯/૧૨/૨૦૨૫ ના રોજ સાંજના કલાક ૧૫/૪૫ વાગ્યાના અરસામા જુની વાતનું મનદુ:ખ રાખી આ કામના ફરીયાદી પોતાની કાયદેસરની ફરજ ઉપર ભેસાણ તાલુકા પંચાયત બાંધકામની કચેરીએ હાજર હોય ત્યાં આવી ફરીયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી આરોપી નં.૨ તથા ૩ નાએ ફરીયાદીને પકડી રાખી આરોપી નં.૧ એ ફરીયાદીને શરીરે ઢીકાપાટુનો મુંઢમાર મારી ફરીયાદીનું ગળુ દબાવી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરીયાદીની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી આરોપીઓએ એકબીજાની મદદગારી કરી,ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૨૧, ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ મુજબના ગુના કરેલ હોવાનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ?

**૭.૧ ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.**

**(૧) મુદ્દા નં.૧ – નકારમાં.**

**(૨) મુદ્દા નં.૨ – આખરી હુકમ મુજબ.**

**(૮) ઉપરોકત મુદ્દા અંગેના ન્યાયીક નિર્ણયો માટેના કારણો નીચે મુજબના છે.**

**–:: <u>કારણો</u> ::–**

**(૮.૧)** ઉપરોકત મુદ્દાઓ પરત્વેના ગુના સંબંધે રજુ પુરાવો મુલવતા પહેલાં, ફરિયાદપક્ષે આક્ષેપિત ગુનો બનવા માટે કયા કયા તત્વો સાબિત કરવાના રહે છે તે જોવું મહત્વનું બની રહે છે. જે કલમ માં જણાવેલ ગુનાનીવ્યાખ્યા પરથી નીચે મુજબ જાણવા મળશે.

<u>ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૨૧ મુજબના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરુરી છે.</u>

૧. આરોપીએ કોઇ વ્યકિત, કોઇ રાજય સેવકને એવી હેસીયતથી તે ફરજ બજાવતો હોય ત્યારે અથવા તે રાજય સેવકને કે અન્ય કોઇ રાજય સેવકને એવી હેસીયતથી ફરજ બજાવતો અટકાવવાના કે રોકવાના ઇરાદાથી અથવા તેણે એવા રાજય સેવકની એવી હેસીયતથી પોતાની કાયદેસરની ફરજ બજાવતા કંઇ કૃત્ય કયુ હોય કે કરવાની કોશીશ કરી હોય તેના પરિણામે એવા રાજય સેવકને સ્વેચ્છાપૂર્વક વ્યથા કરે તો તેને ૫ વર્ષ મુદત સુધીની બે માંથી કોઇપણ પ્રકારના કેદની અથવા દંડની અથવા બંને શિક્ષા કરવામાં આવશે.

**(૮.૨)** <u>ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૯૬(બી) મુજબના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરુરી છે.</u>

૧. આરોપીએ જાહેર સ્થળ ઉપર કોઈ વ્યકિતને અપશબ્દો ઉચ્ચારેલ છે

296. **Obscene acts and songs.—Whoever, to the annoyance of others,—**

(a) does any obscene act in any public place; or

(b) sings, recites or utters any obscene song, ballad or words, in or near any public place,

shall be punished with imprisonment of either description for a term which may extend to three months,or with fine which may extend to one thousand rupees, or with both.

(૮.૩) 351. **Criminal intimidation**.—

(3) Whoever commits the offence of criminal intimidation by threatening to cause death or grievous hurt, or to cause the destruction of any property by fire, or to cause an offence punishable with death or 106 imprisonment for life, or with imprisonment for a term which may extend to seven years, or to impute unchastity to a woman, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, or with fine, or with both.

<u>ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૫૧(૩)મુજબના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરુરી છે.</u>

૧. આરોપીએ ફરીયાદીને ભયભીત કરવાના ઈરાદાથી અથવા પોતે જે કરવા કાનુનબધ્ધ ન હોય તેવુ કરવા માટે અથવા જે કાનુનબધ્ધ હોય તે ન કરવા માટેનો ઈરાદો ધરાવતા હોય.

૨. તેવા ઈરાદાથી ફરીયાદીને ધમકી આપી હોય અથવા મહાવ્યથા પહોંચાડવાની કે મૃત્યુ નિપજાવવાની કે કોઈ મિલ્કતનો આગથી નાશ કરવાની કે આજીવન કેદ અથવા સાત વર્ષની સજાને પાત્ર ગુનો કરવા અંગે અથવા સ્ત્રી ઉપર ચારિત્ર્ય હિનતાના આક્ષેપની એટલે કે ગુનાહિત ધમકી આપી હોય.

આમ, ઉપરોકત વ્યાખ્યાને ધ્યાને લેતાં આરોપીએ આપેલ ધમકી ગુનાહીત માનસ ' રાખીને આપવમાં આવેલી તે ફરિયાદ પક્ષે સાબિત કરવું અનિવાર્ય બને છે કારણ કે, આવી ગુનાહિત ધમકી આપવા માટે આરોપીનું ચોકકસ ગુનાહિત માનસ હોવું જોઈએ. આ ઉપરાંત, આવી ગુનાહિત ધમકીની અસર પણ ભોગ બનનારને થયેલ હોવાનું ફરિયાદ પક્ષે સાબિત કરવાનું રહે છે. જો

આરોપી ધ્વારા આપવામાં આવેલ ગુનાહિત ધમકીના પરિણામે ભોગ બનનારના મનમાં કોઈ પ્રકારે ભય ઉત્પન્ન થયેલ ન હોય અગર તો આરોપી તેવો ગુનો કરશે તે અંગે કોઈ શકયતા ન હોય તો તેવા સંજોગોમાં ઈ.પી.કો.કલમ–૫૦૬ (૨) અનુસારનો ગુનો બને તેમ માની શકાય નહી.

(૮.૪) 54. **Abettor present when offence is committed**.— Whenever any person, who is absent would be liable to be punished as an abettor,is present when the act or offence for which he would be punishable in consequence of the abetment is committed, he shall be deemed to have committed such act or offence.

ભારતીય ન્યાય સંહિતાની કલમ–૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદપક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરુરી છે.

૧. આરોપીએ પોતે હાજર ન રહી અને પોતે કરેલા દુષ્પ્રેરણના પરિણામે થયેલા કૃત્ય માટે દુષ્પ્રેરક તરીકે કોઈ વ્યકિતને શિક્ષા થાય તેવું કૃત્ય કરેલ છે

(૯) ક્રિમીનલ જસ્ટીસ ડીલેવરી સિસ્ટમ મુજબ ફરિયાદ પક્ષે આરોપી સામે મૂકવામાં આવેલ તહોમત બિયોન્ડ રીઝનેબલ ડાઉટ યોગ્ય અને નિઃશંક પુરાવો રજૂ કરીને પુરવાર કરવાનુ હોય છે. ટૂંકમાં આરોપી દોષિત છે તેવો પુરતો અને વિશ્વસનીય પુરાવો રજૂ કરીને ફરિયાદપક્ષે પુરવાર કરવાનુ હોય છે. આરોપી નિર્દોષ છે તેવું આરોપીએ પુરવાર કરવાનું હોતું નથી. એમ કહી શકાય કે, ફોજદારી મુકદ્દમામાં આરોપીએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ આરોપીને દોષિત ન ઠરાવવામાં આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા કરીને અદાલતે ચાલવાનું હોય છે અને નામદાર કોર્ટ દ્વારા બાંધવામાં આવેલ આ અનુમાનનું ખંડન ફરિયાદપક્ષે યોગ્ય, પુરતો ને વિશ્વસનીય પુરાવો રજૂ કરીને કરવાનું હોય છે. ફરિયાદપક્ષના રજૂ થયેલ પુરાવામાં એકાદ કડી પણ પુરવાર કરવાનુ ફરિયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતિનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપી દોષ મુકિત અગર બેનીફીટ ઓફ ડાઉટ મેળવવા

હક્કદાર થાય છે. "પુરાવાનું મૂલ્યાંકન" શબ્દ ભારતીય પુરાવા અધિનિયમમાં કોઇ પણ સ્થાને વ્યાખ્યાયિત કરવામાં આવેલ નથી. "પુરાવાનું મૂલ્યાંકન" ફકત અને ફકત ભારતીય પુરાવા અધિનીયમ કલમ–૩ માં દર્શાવેલ PROVE અને NOT PROVE શબ્દો ઉપર અવલંબે છે. કોઇ હકીકતનું અસ્તિત્વ સાબિત માનવુ કે બિનઅસ્તિત્વ સાબિત માનવુ તે મૂલ્યાંકનનો વિષય છે. આ પૂર્વભૂમિકા સંદર્ભે ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવાનુ મૂલ્યાંકન કરી ફરિયાદપક્ષ આરોપી સામેના તહોમત કે તે પૈકીનું કોઇ પણ તહોમત નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે કે કેમ? તે અંગે નિર્ણય કરવાનો રહે છે.

**(૧૦)** ત્યારબાદ, આરોપીઓ પરનો આક્ષેપીત ગુનો નિઃશંકપણે પુરવાર કરવા માટે ફરિયાદપક્ષે સૌથી મહત્વનાં સાહેદ **આંક–૦૮ થી ફરિયાદી વિશાલભાઇ શામજીભાઇ પોકરને સોગંદ ઉપર તપાસવામાં આવેલ. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ કે,**''તા.૨૯/૧૨/૨૫ ના રોજ હુ ભેસાણ તાલુકા પંચાયતમાં ફરજ ઉપર હતો ત્યારે અમારા જીલ્લા પંચાયત ના સભ્ય કુમારભાઈ બસીયા તથા બે અજાણ્યા શખ્સો આવી, મને ગાળો કાઢવા લાગેલા.કુમારભાઈએ મને એક ઝાપટ મારી દિધેલ અને બે અજાણ્યા શખ્સો મને શરીરે ઢીકાપાટુનો માર મારવા લાગેલ. ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા અને મને કુમારભાઈએ જાનથી મારી નાખવાની ધમકી આપેલી. આ બનાવ અગાઉના મનદુ:ખ ના લીધે બનેલ હતો.મે દવાખાનામાં ફરીયાદ આપેલી.અસલ ફરીયાદમાં મારી સહી છે જે ઓળખી બતાવુ છુ. રજુ દા.આંક–૯ આપવામાં આવે છે.'

**આરોપી તર્ફે વિધ્વાન વકીલશ્રી.વી.વી.રાણવા દ્વારા સદર સાહેદની ઉલટતપાસ લેવામાં આવેલી છે જેમાં તેઓ એ હકીકતનો સ્વિકાર કરે છે કે એ વાત ખરી છે કે બનાવ વખતે ઘણા માણસોનુ ટોળુ ભેગુ થઈ ગયેલુ.જેમાં કુમારભાઈ પણ હતા. અમારા ટીડીઓ શેખ સાહેબ પણ હતા અને અમારી ઓફીસમા અરજદારો પણ ભેગા થઈ ગયેલા.**

**મને કોણે ઝાપટ મારેલી તે હુ ચોકકસ કહી શકુ નહી. બનાવ વખતે ધકકા મુકકી થયેલી.માણસો દેકારો કરતા હોય અને ઉંચા અવાજે બોલતા હોય મને ગાળો અને ધમકી કોણે આપેલી હોય તે હુ ચોકકસ કહી શકુ નહી. આ ધકકા મુકકીમાં હુ પડી જતા મને ઈજા થતા હુ સારવાર માટે દવાખાને ગયેલો. એ વાત ખરી છે કે મે મારી ફરીયાદમાં અજાણ્યા માણસો લખાવેલા આ કામના આરોપીઓએ મને કોઈ માર મારેલ નથી કે કોઈ ગાળો બોલેલ નથી કે કોઈ ધમકી આપેલ નથી. એ વાત ખરી છે કે મે ફરીયાદ વાંચેલી નહી ફકત સહી કરેલી.કુમારભાઈ અમારા જીલ્લા પંચાયતના સભ્ય હોય જેના લીધે તેમને હુ ઓળખુ છુ.**

હાથ ઉપરના કેસમાં જ્યારે ફરિયાદી પોતે જ ફરિયાદ પક્ષને સમર્થન આપતા ન હોય ત્યારે અન્ય સાહેદોને તપાસવામાં આવે તો પણ કઇ અર્થ સરે તેમ જણાઇ આવેલ નહી.તેથી અન્ય સાહેદોને તપાસવામાં આવેલ નથી.આ સંજોગોમાં **Satish Mehra versus Delhi administration –criminal appeal no.**1385 **of** 1995* **J.date–july 31,1996** નાં ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત મુજબ જ્યારે મહત્વ નાં સાહેદોએ ફરિયાદપક્ષને સમર્થન આપેલ ન હોય ત્યારે બાકીના સાહેદોને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરૂરી નથી. નામદાર સર્વોચ્ચ અદાલતનાં ઉપરોક્ત ચુકાદાના પેરા–**15** માં જણાવ્યા પ્રમાણે

15 But when the Judge is fairly certain that there is no prospect of the case ending in conviction the valuable time of the court should not be wasted for holding a trial only for the purpose of formally completing theprocedure to pronounce the conclusion on a future date. We are mindful that most of the Sessions courts in India are under heavy pressure of workload. If the Sessions Judge is almost certain that the trial would only be an exercise in futility or a sheer waste of time it is advisable to truncate or snip the proceedings at the stage of Sec. 227 of the Code itself.

વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતનાં ચુકાદા **Madan Mohan Abbot Versus State of Punjab , AIR** 2008 **S.C.**1969 *** J.Date March** 26,2008 માં જણાવ્યા પ્રમાણે જ્યારે આરોપીને તકસીરવાન ઠરાવવાની કોઈ શક્યતાઓ જણાતી ન હોય ત્યારે કોર્ટે આવી કાર્યવાહી આગળ ચલાવવાની નિરર્થક કસરત ન કરવી જોઈએ. **આમ ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ને ધ્યાનમા રાખીને** તથા ફરિયાદપક્ષે આપવામાં આવેલ ક્લોઝીંગ પુરસીસને ધ્યાને લઈ **સદરહું કેસમાં અન્ય સાહેદો તપાસેલ નથી.**

**(૧૧) પુરાવાનું મૂલ્યાંકનઃ–**

હવે ફરિયાદ પક્ષ તરફથી આરોપી પરનો ગુનો નિઃશંકપણે પુરવાર કરવા માટે રજુ પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો સૌપ્રથમ ભારતીય પુરાવાનાં કાયદાની કલમ 101 ની જોગવાઈ ધ્યાને લીધી.

**Section.101. Burden of proof.—**

Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove that those facts exist. When a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person. Illustrations.

(a) A desires a Court to give judgment that B shall be punished for a crime which A says B has committed. A must prove that B has committed the crime.

(b) A desires a Court to give judgment that he is entitled to certain land in the possession of B, by reason of facts which he asserts, and which B denies, to be true. A must prove the existence of those facts.

It is well settled that the prosecution can succeed by substantially proving the very story it alleges. It must stand on its own legs. It cannot take advantage of the weakness of the defence. Nor can the court on its own make out a new case for the prosecution and convict

the accused on that basis; **<u>Narain Singh v. State, (1997) 2 Crimes 464 (Del).(para15)</u>**

અત્રે, નોંધવુ જરૂરીં જણાય છે કે, નામદાર સુપ્રિમ કોર્ટ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના ચૂકાદાઓ લક્ષમાં લેતાં તેમાં ફોજદારી કેસોમાં પડેલ પુરાવાઓનું ન્યાયીક વિશ્લેષણ અંગેના સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.

**(૧૧.૧)** in case of **<u>Dr. S. L. GOSWAMI Vs. STATE OF M.P</u>**. that the onus of proving all the ingredients of an offence is always upon the prosecution and at no stage does it shift to the Accused. It is no part of the prosecution duty to somehow hook the crook. Even in cases where the defense of the Accused does not appear to be credible or is palpably false that burden does not become any the less. It is only when this burden is discharged that it will be for the Accused to explain or contravene the essential elements in the prosecution case which would negative it and even if the onus shifts upon the Accused and the Accused has to establish his plea, the standard of proof is not the same as that which rests upon the prosecution and where the onus shifts to the Accused and the evidence on his behalf probabilities the plea he will be entitled to the benefit of reasonable doubt.

**(૧૧.૨)** વધુમાં નામ.સર્વોચ્ચ અદાલતે ''દિગમ્બર વૈશ્નવ–વિ. –સ્ટેટ ઓફ છત્તીસગઢ'' જે(૨૦૧૯)૪, એસ.સી.સી.–પ૨૨ માં પ્રસિધ્ધ થયેલ છે તેના પેરા–૨૪ તથા ૨૯ માં એમ ઠરાવેલ છે કે,

”One of the fundamental principles of criminal jurisprudence is undeniably that the burden of proof squarely rests on the prosecution and that the general burden never shifts. There can be no conviction on the basis of surmises and conjectures or suspicion however grave it may be.Strong suspicion,strong coincidences and grave doubt cannot take the place of legal proof.The onus of prosecution cannot be discharged by referring to very strong suspicion and existence of

highly suspicious factors to inculpate the accused nor falsity of defence could take the place of proof which the prosecution has to establish in order to succeed,though the false plea by the defence at best, be considered as an additional circumstances, if other circumstances unfailingly point to guilt.”

**(૧૧.૩)** The Hon'ble Gujarat High Court has held the ratio in it's decision delivered in case of Mohd Alimuddin Versus State Of Assam(1992,Cri.L.J.3287)
Criminal Appeal No. 75 of 1990 ; *J.Date :- FEBRUARY 4, 1992
HELD :-Para 24

It is one of the fundamental tenets of criminal jurisprudence that the burden of proving the prosecution case squarely lies on the prosecution. This general burden never shifts. Defence is not bound to open its mouth so long as prosecution does not discharge its general burden of proving its case beyond reasonable doubt. Defence version may even be false, because a falsely instituted prosecution may compel the accused to adopt a false defence. So, prosecution cannot derive any advantage from the falsity or other infirmities of the defence version, so long as it does not discharge its initial burden of proving its case beyond all reasonable doubts.

The fundamental principle of criminal jurisprudence is that an accused is presumed to be innocent, and the burden lies on the prosecution to prove the guilt of the accused beyond reasonable doubt.This general burden never shifts and it always rests on the prosecution.

**(૧૨)** હવે આ કામે ફરીયાદી જે સૌથી મહત્વના સાહેદ છે તેઓએ બચાવપક્ષે લીધેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે**,**એ વાત ખરી છે કે બનાવ વખતે ઘણા માણસોનુ ટોળુ ભેગુ થઈ ગયેલુ.જેમાં

કુમારભાઈ પણ હતા.અમારા ટીડીઓ શેખ સાહેબ પણ હતા અને અમારી ઓફીસમા અરજદારો પણ ભેગા થઈ ગયેલા. મને કોણે ઝાપટ મારેલી તે હુ ચોકકસ કહી શકુ નહી. બનાવ વખતે ધકકા મુકકી થયેલી.માણસો દેકારો કરતા હોય અને ઉંચા અવાજે બોલતા હોય મને ગાળો અને ધમકી કોણે આપેલી હોય તે હુ ચોકકસ કહી શકુ નહી. આ ધકકા મુકકીમાં હુ પડી જતા મને ઈજા થતા હુ સારવાર માટે દવાખાને ગયેલો.એ વાત ખરી છે કે મે મારી ફરીયાદમાં અજાણ્યા માણસો લખાવેલા આ કામના આરોપીઓએ મને કોઈ માર મારેલ નથી કે કોઈ ગાળો બોલેલ નથી કે કોઈ ધમકી આપેલ નથી.એ વાત ખરી છે કે મે ફરીયાદ વાંચેલી નહી ફકત સહી કરેલી.કુમારભાઈ અમારા જીલ્લા પંચાયતના સભ્ય હોય જેના લીધે તેમને હુ ઓળખુ છુ. આમ,મહત્વનાં ફરીયાદીએ ફરિયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.સદર કામે મેડીકલ સર્ટીફીકેટ તથા બનાવવાળી જગ્યાના સ્થાનિક પંચનામાને બચાવપક્ષને સંમતીથી આંક આપવામાં આવેલા છે પરંતુ દસ્તાવેજોને માત્ર આંક આપી દેવાથી તે પુરવાર થઇ જતા નથી માહેની વિગતોને ભારતીય પુરાવાની જોગવાઇઓ મુજબ પુરવાર કરવા જરૂરી છે જે સદર કામે કરવામાં આવેલ નથી જેનો લાભ આરોપીને મળવાપાત્ર છે.

**(૧૩)** ઉપરાંત નીચેનો ચુકાદો ધ્યાને લીધો.

**(૧૩.૧)**The Hon'ble Gujarat High Court has held the ratio in it's decision delivered in case of STATE OF GUJARAT Vs. PRAVINSINH RANUBHAGARASIA that when the case is full of defects and infirmities that the whole case becomes doubtful, then prosecution has utterly failed to prove the case. The Hon'ble Gujarat High Court has held the ratio in it's decision delivered in case of RAYSING LALSING DARBAR Vs. STATE OF GUJARAT that when in view of discrepancies appearing on record, the complainants case is shrouded in mystry and his version becomes doubtful as to occurrence of the incident in question, the case of complainant is not free from doubt, the benefit of doubt has to operate in favour of the

Accused according to well settled principles of criminal law.આમ જ્યારે ફરિયાદપક્ષના કેસ બાબતે શંકા ઉત્પન્ન થાય તેનો લાભ આરોપીને મળવાપાત્ર છે.

**(૧૪)** આમ, ઉપર નોંધ્યા મુજબના ચુકાદાઓમાં સર્વોચ્ચ અદાલતે, નામદાર અન્ય વડી અદાલતોએ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રતિપાદિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતા રજૂ થયેલા પુરાવાઓનું મૂલ્યાંકન અને કાયદાની જોગવાઈઓ ધ્યાને લેવામાં આવે તો ફોજદારી વિધિશાસ્ત્રના સિદ્ધાંત મુજબ ફોજદારી કાર્યવાહીમાં પુરાવો રજૂ કરીને પોતાનો કેસ નિશંકપણે એટલે કે Beyond Reasonable Doubt પુરવાર કરવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર હોય છે. ફોજદારી કાર્યવાહીમાં ફરિયાદ પક્ષે ગુનાની માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી પરંતુ ગુનો શંકાથી પર પુરવાર કરવાનો હોય છે. પુરાવાનાં નિયમો દીવાની અને ફોજદારી કાર્યવાહીઓમાં સરખા જ છે અને તે દરેકને માટે એકસરખા બંધનકારક છે.પરંતુ Best નાં મતમુજબ **પુરાવાની અસર સબંધી** દીવાની અને ફોજદારી કાર્યવાહીમાં નોંધપાત્ર તફાવત છે.**દીવાની મુકદ્દમાઓમાં સંભવીતતાની પ્રબળતા પુરતી છે જ્યારે ફોજદારી સુનાવણીઓમાં ગુનાઓનો આરોપ એટલો સચોટ હોવો જોઇએ કે તેમાં અદાલત માટે વાજબી શંકાને ક્યાંય સ્થાન રહેવું ન જોઈએ.ફોજદારી કાર્યવાહીમાં મુદ્દાઓ વાજબી શંકાથી પર સાબીત થવા જોઈએ.** ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંક પણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે જેથી તેનો લાભ આરોપી પક્ષને મળવાપાત્ર છે.

**(૧૫)** આમ, ફરિયાદપક્ષ રજુ રાખેલ પુરાવાઓનાં અંતે આરોપીઓ વિરૂધ્ધના આક્ષેપો જેવાં કે, આ કામના આરોપી નં.૧ તા.૨૯/૧૨/૨૦૨૫ ના રોજ સાંજના કલાક ૧૫/૪૫ વાગ્યાના અરસામા જુની વાતનું મનદુ:ખ રાખી આ કામના ફરીયાદી પોતાની કાયદેસરની ફરજ ઉપર ભેસાણ તાલુકા પંચાયત બાંધકામની કચેરીએ હાજર હોય ત્યાં આવી ફરીયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી આરોપી નં.ર તથા ૩ નાએ ફરીયાદીને પકડી રાખી આરોપી નં.૧ એ ફરીયાદીને શરીરે ઢીકાપાટુનો મુંઢમાર મારી ફરીયાદીનું ગળુ દબાવી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરીયાદીની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી આરોપીઓએ એકબીજાની મદદગારી કરી,ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૨૧, ૨૯૬(બી), ૩૫૧(૩),

૫૪ મુજબના ગુના કરેલ હોવાનો આક્ષેપ મુજબનો શિક્ષાને પાત્ર ગુનાઓ કર્યા બાબતનો લેશમાત્ર પુરાવો રજુ કરેલ ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા સિવાય કોર્ટ પાસે બીજો કોઇ વિકલ્પ ન હોય ઉપરોકત મુદ્દા નં. ૧ નો જવાબ નકારાત્મક ઠરાવી મુદ્દા નં. ૨ અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>આખરી હુકમ</u>**

૧. આ કામના આરોપી નં. (૧) કુમારભાઇ સુરગભાઇ બસીયા, નં. (૨) વિનોદભાઇ બટુકભાઇ બોરીસાગર તથા નં. (૩) અનિરુધ્ધભાઇ ભિખુભાઇ ખુમાણનાઓને નાગરીક સુરક્ષા સંહીતા સને ૨૦૨૩ની કલમ–૨૭૧(૧)અન્વયે,ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૨૧, ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ મુજબના ગુના કામે **નિર્દોષ** ઠરાવી છોડી મૂકવામાં આવે છે.

૨. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૧(૧) નાં હેતુ માટે આરોપીઓએ રૂ.૫,૦૦૦/–(અંકે રૂપીયા પાંચ હજાર પુરા)નાં જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકા રજુ રાખવા.

હુકમ આજરોજ તારીખ ૧૧ મી,જૂન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૧૧ /૦૬/૨૦૨૬.
સ્થળ – ભેંસાણ.

**ભાસ્કરકુમાર રમેશભાઈ કારીયા**
CODE No. GJ 01626
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ભેંસાણ.